# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

*****************************************************

**1.** બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી બેગમ ખાલિદા ઝિયાને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા ગણાવીને તેમના નિધન પર શોક વ્યક્ત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી..

**2.** વિરોધ પક્ષોના તમામ આરોપીને ફગાવીને જી રામજી યોજનાને શ્રમિકલક્ષી ગણાવતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ

3. ઉત્તરાખંડ અને મુંબઇમાં થયેલા અલગ અલગ અકસ્માતમાં દસ લોકોના મોત....

**4.** ગાઢ ધુમ્મસને કારણ હવાઇ અને ટ્રેન સેવાઓ પર અસર.. 118 ઉડ્ડયનો રદ

**5.** ઓસ્ટ્રેલિયામાં વાવાઝોડાને કારણે લોકોને સ્થળાંતર કરવા તંત્રની અપીલ

6. **મહિલા ક્રિકેટમાં, ભારત આજે અંતિમ T20 મેચમાં શ્રીલંકા સામે ટકરાશે**

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PRIME MINISTER - KHALEDA ZIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષના પ્રમુખ બેગમ ખાલિદા ઝિયાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ કહ્યું કે બાંગ્લાદેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તરીકે , દેશના વિકાસ અને ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે.

પ્રધાનમંત્રીએ 2015 માં ઢાકામાં તેમની સાથેની તેમની સૌહાર્દપૂર્ણ મુલાકાતને યાદ કરી આશા વ્યક્ત કરી કે તેમના દ્રષ્ટિકોણ અને વારસો બંને દેશો વચ્ચેની ભાગીદારીને માર્ગદર્શન આપતો રહેશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ....

(બાઈટ – સરફરોઝી, પ્રતિનિધિ)

. . . . . . . . . . . . . . . . . . . . .

# PM SUBHASHIT

પ્રધાનમંત્રીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ આપતા અને શક્તિ , ન્યાય અને એકતા પર ભાર મૂકતા એક સંસ્કૃત સુભાષિત શેર કર્યું ..પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 30 ડિસેમ્બર, 1943ના ઐતિહાસિક અવસરને યાદ કરતાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ અર્પી. આ દિવસે નેતાજીએ અદ્વિતીય સાહસ અને પરાક્રમ સાથે પોર્ટ બ્લેરમાં ત્રિરંગો ફરકાવ્યો હતો.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ઇતિહાસની આ ક્ષણ રાષ્ટ્રને યાદ અપાવે છે કે સ્વતંત્રતા ફક્ત ઇચ્છાશક્તિથી નહીં , પરંતુ શક્તિ, સખત મહેનત, ન્યાય અને સામૂહિક સંકલ્પથી પ્રાપ્ત થાય છે.

આ ભાવના વ્યક્ત કરવા માટે પ્રધાનમંત્રી મોદીએ X પરની એક પોસ્ટમાં એક શાશ્વત સુભાષિત શેર કર્યું:

"આજના જ દિવસે, 30 ડિસેમ્બર, 1943ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝે પોર્ટ બ્લેરમાં હિંમત અને બહાદુરીથી ત્રિરંગો ફરકાવ્યો હતો. તે ક્ષણ આપણને યાદ અપાવે છે કે સ્વતંત્રતા ફક્ત આકાંક્ષાથી નહીં , પરંતુ શક્તિ, સખત મહેનત, ન્યાય અને સંગઠિત સંકલ્પથી ઘડાય છે. આજનું સુભાષિત આ ભાવના વ્યક્ત કરે છે..."

. . . . . . . . . .

# SHIVAJSINH G RAM G BILL

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે સંસદે વર્તમાન જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અને અગાઉની મનરેગા યોજનાની ખામીઓ દૂર કરવા માટે વિકસીત ભારત - જી રામ જી વિધેયક પસાર કર્યું છે. આજે ભોપાલમાં એક પત્રકાર પરિષદમાં મીડિયાને સંબોધિત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું.

યોજનાનું નામ બદલવાના વિપક્ષના આરોપો અંગે મંત્રીએ કહ્યું કે , ભૂતકાળમાં પણ , જ્યારે વિપક્ષી પક્ષો સત્તામાં હતા , ત્યારે રોજગાર સંબંધિત યોજનાઓના નામ ઘણી વખત બદલવામાં આવ્યા છે.

તેમણે કહ્યું,આ યોજના હેઠળ ગ્રામ સભા અને ગ્રામ પંચાયત દ્વારા નિર્ધારિત કાર્યો હાથ ધરાશે.જેમા જળ સંરક્ષણ ,આધારમાળખાકીય કામો,આજીવિકાને લગતા કામો અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના કાર્યોનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું , વિકાસકાર્યોની જરૂરિયાત મુજબ ગ્રામ પંચાયતોને ત્રણ શ્રેણીમાં વર્ગીકૃત કરાશે.

## (S/B- શિવરાજ)

તેમણે પંજાબ સરકાર દ્વારા રાજ્ય વિધાનસભામાં આ અધિનિયમ વિરુદ્ધ લાવવામાં આવી રહેલો પ્રસ્તાવ દેશના સંઘીય માળખાની વિરુદ્ધ હોવાનું જણાવ્યુ.

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH-KOLKATA (EARLY)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આગામી વર્ષે પશ્ચિમ બંગાળમાં ભાજપ બે તૃતીયાંશ બહુમતી સાથે સરકાર બનાવશે. આજે કોલકાતામાં મીડિયાને સંબોધતા શ્રી શાહે કહ્યું કે, 2019ની લોકસભા ચૂંટણીમાં ભાજપને 41 ટકા મત અને 18 બેઠકો મળી હતી. તેમણે કહ્યું કે , 2021ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને 21 ટકા મત અને 77 બેઠકો મળી હતી.

શ્રી શાહે કહ્યું કે, આગામી ચૂંટણી ઘૂસણખોરી રોકવા અને પશ્ચિમ બંગાળમાંથી ઘૂસણખોરોને દૂર કરવાના મુદ્દાઓ પર લડવામાં આવશે. તેમણે કહ્યું કે , બંગાળ સરહદ પરથી થઈ રહેલી ઘૂસણખોરી રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# UTTARAKHAND-BUS ACCIDENT

ઉત્તરાખંડના અલ્મોડાના વિનાયક વિસ્તારમાં બસ અકસ્માતમાં 6ના મોત થયા છે.

રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળના જણાવ્યા અનુસાર , ભીખિયાસૈનથી રામનગર જતી બસમાં લગભગ 17 થી 18 લોકો સવાર હતા. ઇજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

અકસ્માતની જાણ થતાં , વહીવટીતંત્ર અને બચાવ ટીમો ઘટનાસ્થળે પોહંચી બચાવ કામગીરી શરૂ કરી હતી.

પ્રધાનમંત્રી મોદીએ આ અકસ્માત અંગે દુ:ખ વ્યકત કરી. અસરગ્રસ્તોને ઝડપથી સાજા થવાની કામના વ્યકત કરી.

. . . . . . . . . . . . . .

# BHANDUP ACCIDENT

મુંબઈમાં ગઇકાલે રાત્રે ભાંડુપ પશ્ચિમ ઉપનગરીય વિસ્તારમાં બેસ્ટ બસે રાહદારીઓને કચડી નાખતા ચાર લોકોના મોત થયા હતા અને નવ અન્ય ઘાયલ થયા હતા. રાહદારીઓ ઉપર એક બસ પલટી જતાં આ અકસ્માત સર્જાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે મૃતકોમાં ત્રણ મહિલાઓ છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસ ડ્રાઇવરની અટકાયત કરવામાં આવી છે અને એફઆઈઆર નોંધવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટના અંગે દુ :ખ વ્યકત કરી મૃતકોના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . .

# PM BHANDUP SHOK

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈના ભાંડુપમાં સર્જાયેલા અકસ્માતમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો.પીએમઓ ઈન્ડિયા હેન્ડલે X પર એક પોસ્ટમાં કહ્યું:

"મુંબઈના ભાંડુપમાં સર્જાયેલા અકસ્માતમાં થયેલી જાનહાનિથી દુઃખી છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. ઘાયલો જલદી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના

. . . . . . . . . . . . . . .

# TRIN - AIR SERVICE EFFECT

ઉત્તરભારતમાં ગાઢ ધુમ્મસને કારણે આજે રેલ અને હવાઈ સેવાઓ પ્રભાવિત છે. દિલ્હી આવતી 20 થી વધુ ટ્રેનો ત્રણ કલાકથી વધુ મોડી ચાલી રહી છે. ખરાબ હવામાન અને ઓછી દૃશ્યતાને કારણે આજે 118 ઉડાનો રદ કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મુસાફરોને નિયમિતપણે તેમની ફ્લાઇટની સ્થિતિ તપાસવા અને સંબંધિત એરલાઇન્સ સાથે સંપર્કમાં રહેવા જણાવ્યું છે.

મંત્રાલયે એરલાઇન્સને મુસાફરોની સુવિધા માટે નિર્ધારિત તમામ નિયમોનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# KERALA - AVIAN FLUE

કેરળના અલાપ્પુઝા જિલ્લામાં એવિયન ફ્લૂની સ્થિતિને નિયંત્રણમાં લાવવા કડક પગલાં લેવામાં આવ્યા છે.

પુણે સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં નમૂના મોકલાયા બાદ , એક કટોકટી બેઠક બોલાવી તાત્કાલિક નિયંત્રણના પગલાં ભરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારની એક કિલોમીટરની ત્રિજ્યામાં છેલ્લા બે દિવસમાં રોગગ્રસ્ત 28 હજાર પક્ષીઓનો નાશ કરવામાં આવ્યો છે.

દરમિયાન, જિલ્લા કલેક્ટરે જાહેરાત કરી કે અસરગ્રસ્ત વિસ્તારની દસ કિલોમીટરની ત્રિજ્યામાં મરઘાં ઉત્પાદનોના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . .

# JAMMU AND KASHMIR - WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ અને કાશ્મીર સહિત અનેક સ્થળોએ હિમવર્ષાની આગાહી કરી છે. 1લી જાન્યુઆરી સુધી ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. ઝોજીલા-દ્રાસ રૂટ અને સિયાચીન ક્ષેત્રમાં સહુથી વધુ હિમવર્ષા થવાની સંભાવના છે.

દરમિયાન, નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ કાશ્મીરના પર્યટન સ્થળોએ પહોંચી રહ્યા છે ત્યારે આ હિમવર્ષા પર્યટકો માટે આકર્ષણ નું કેન્દ્ર બનશે.

. . . . . . . . .

# CYCLONE HAYLEY- AUSTRALIA

પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના ઉત્તરી કિનારા તરફ આગળ વધી રહેલું ઉષ્ણકટિબંધીય ચક્રવાત હેલી હવે શ્રેણી ચારના તોફાનમાં પરિવર્તિત થઇ ગયું છે. ઓસ્ટ્રેલિયાના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચક્રવાત આજે કિમ્બર્લી પ્રદેશમાં ગંભીર અસર કરે તેવી શક્યતા છે.

ડર્બી સહિતના વિસ્તાર માં **170** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ખૂબ જ વિનાશક પવન ફૂંકા વાની તેમજ અચાનક પૂર આવવાની હવામાન વિભાગે આગાહી કરી છે ભારે વરસાદથી અચાનક પૂર આવી શકે છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ વિભાગે જણાવ્યું હતું કે માનવ જીવન અને ઘરો માટે સંભવિત ખતરાને કારણએ લોકોએ તાત્કાલિક સલામતીના પગલાં લેવા જરૂરી છે.

. . . . . . . . . .

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં , ભારત આજે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પાંચમા અને અંતિમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની ભારત પહેલાથી જ 5 મેચની શ્રેણીમાં 4-0 ની અજેય લીડ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં , યજમાન ભારતે 222 ના લક્ષ્યની સામે 30 રનથી વિજય મેળવ્યો હતો.

અગાઉ, શ્રેણીની પ્રથમ ત્રણ મેચમાં, ભારતે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું છે.

. . . . . . . . . . . .

# J&K - SECURITY FORCES

જમ્મુ અને કાશ્મીરમાં , સુરક્ષા દળોએ નવા વર્ષની ઉજવણીને સુરક્ષિત બનાવવા માટે ભીડભાડ વાળા વિસ્તારોમાં ચેકિંગ અને સઘન દેખરેખ શરૂ કરી છે. પ્રવેશ સ્થાનો પર વધારાની ચોકીઓ ઉભી કરવામાં આવી છે , દરેક મુખ્ય માર્ગ પર પેટ્રોલિંગ ચુસ્ત બનાવાયું છે. સરહદી જિલ્લાઓમાં અનેક શંકાસ્પદ રિકવરીઓ નોંધાઈ હતી.

ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે , જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ( SOG)એ પૂંચ જિલ્લાના મેંઢર સેક્ટરના ગોહલેડ ગામમાં ખુલ્લા મેદાનમાં એક અજાણ્યું ડ્રોન શોધી કાઢ્યું છે. ઉધમપુર જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોને એક ખુલ્લા મેદાનમાંથી એકે એસોલ્ટ રાઇફલનું મેગેઝિન અને સાત જીવતા કારતૂસ મળ્યા હતા.

જમ્મુ જિલ્લાના અખનૂર સેક્ટરમાં , પ્રાગવાલ વિસ્તારના સરહદી ગામ ગુરાહ મનહાસામાં એક કૃષિ ખેતરમાંથી અંગ્રેજી અને ઉર્દૂમાં પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ ( PIA)ના ચિહ્નો ધરાવતો એક વિમાન આકારનો ફુગ્ગો જપ્ત કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . .